# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-06-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર રિધ્ધિ ઉંધાડ વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે 'એક પેડ મા કે નામ' પહેલ અંતર્ગત અરવલ્લી હરીત દિવાલ પરીયોજનાનો આરંભ કરાવશે

2) કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કઠોળ અને તેલીબિયાંનું ઉત્પાદન વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો

3) IPLમાં RCBની જીતની ઉજવણી અગાઉ બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ભાગદોડ થવાથી 11 લોકોના મોત - જ્યારે 33 લોકો ઇજાગ્રસ્ત.

4) ભારત સહિત દુનિયાભરના લાખો લોકો આજે સાઉદી અરેબિયામાં હજ પઢશે

5) રાજસ્થાનના ખીચાન અને મેનાર વેટલેન્ડના સમાવેશ સાથે ભારતના રામસર સ્થળોની સંખ્યા વધીને 91 થઈ

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM - PLANTATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે 'એક પેડ મા કે નામ' પહેલ અંતર્ગત નવી દિલ્હીના ભગવાન મહાવીર વનસ્થલી પાર્ક ખાતે એક ખાસ વૃક્ષારોપણ અભિયાન શરૂ કરશે. આ અભિયાન અરવલ્લી હરીત દિવાલ પરીયોજનાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. જેનો ઉદ્દેશ્ય 700 કિલોમીટર લાંબી અરવલ્લી પર્વતમાળાને ફરીથી વન બનાવવાનો છે. આ અભિયાન અંતર્ગત શ્રી મોદી વડનું વૃક્ષ વાવશે.

**(BYTE: PM 'એક પેડ મા કે નામ')**

અરવલ્લી હરીત દિવાલ પરીયોજનાનો ઉદ્દેશ્ય દિલ્હી, રાજસ્થાન, હરિયાણા અને ગુજરાતના 29 જિલ્લાઓમાં અરવલ્લી પર્વતમાળા આસપાસ પાંચ કિલોમીટરનો બફર ઝોન બનાવવાનો છે. લીલોછમ પ્રદેશ વધારવા, જૈવવિવિધતાને પુનઃસ્થાપિત કરવા, જમીનની ફળદ્રુપતા સુધારવા, જળાશયોનું સંરક્ષણ અને આબોહવા સ્થિતિસ્થાપકતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ પરિયોજના રોજગારીનું સર્જન કરશે અને વનીકરણ અને પુનઃસ્થાપન પ્રવૃત્તિઓ દ્વારા સ્થાનિક સમુદાયો માટે આજીવિકાની તકો પૂરી પાડશે. આ સાથે જ પ્રધાનમંત્રી દિલ્હી સરકારની સ્વચ્છ પરિવહન પહેલ તરીકે 200 ઇલેક્ટ્રિક બસોને પણ લીલી ઝંડી આપશે.

# WORLD ENVIRONMENT DAY

આજે વિશ્વભરમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસ પ્રકૃતિ અને પૃથ્વી ગ્રહના રક્ષણ માટે સકારાત્મક પર્યાવરણીય પગલાં લેવા માટે વૈશ્વિક જાગૃતિ લાવવા માટે ઉજવવામાં આવે છે. પૃથ્વી ગ્રહ પર જીવન બચાવવા માટે જાગૃતિ લાવવા માટે સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમના ભાગ રૂપે 1973થી દર વર્ષે પાંચ જૂને ઉજવવામાં આવે છે. આ વર્ષના વિશ્વ પર્યાવરણ દિવસની વિષય વસ્તુ છે- "પ્લાસ્ટિક પ્રદૂષણને હરાવો "

# PM- COUNCIL MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નવી દિલ્હીમાં કેન્દ્રીય મંત્રી પરિષદની બેઠકની અધ્યક્ષતા કરી હતી. પહેલગામ આતંકવાદી હુમલા અને ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન સામે દેશ દ્વારા હાથ ધરવામાં આવેલી બદલાની કાર્યવાહી પછી આ પહેલી બેઠક હતી. આ બેઠક દરમિયાન, અમિત શાહ, રાજનાથ સિંહ, નીતિન ગડકરી, જે પી નડ્ડા, ચિરાગ પાસવાન અને સી આર પાટિલ સહિત કેન્દ્રીય મંત્રીઓ હાજર રહ્યા હતા.

# ALL-PARTY DELEGATION - THAROOR

કોંગ્રેસ નેતા શશી થરૂરના નેતૃત્વમાં ગયેલા સાંસદોના સર્વપક્ષીય પ્રતિનિધિમંડળે અમેરિકાની રાજધાની વોશિંગ્ટનમાં વરિષ્ઠ અમેરિકન અધિકારીઓ અને કાયદા નિર્માતાઓ સાથે મુલાકાત કરી. પ્રતિનિધિમંડળે તેમને

સરહદ પાર આતંકવાદ અને આતંકવાદ સામેની લડાઈમાં ભારતના મજબૂત અને મક્કમ વલણ વિશે માહિતી આપી.

અમેરિકન કાયદા નિર્માતાઓએ પહેલગામ આતંકવાદી હુમલાની સખત નિંદા કરી. તેમણે આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાની ભાવનાથી આતંકવાદનો જવાબ આપવાના ભારતના અધિકારને સમર્થન આપ્યું. આ બહુપક્ષીય પ્રતિનિધિમંડળ યુએસ કાયદા નિર્માતાઓ, અમેરિકન થિંક ટેન્ક અને મીડિયા વ્યાવસાયિકો સાથે પણ વાતચીત કરશે.

## AGRICULTURE CONFERENCE

કેન્દ્રીય કૃષિ અને કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે કે વર્ષ 2014-15 થી દેશમાં કૃષિ ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થતાં દેશમાં કુલ કૃષિ ઉત્પાદનમાં 40 ટકાનો વધારો થયો છે. કૃષિ મંત્રીએ નવી દિલ્હીમાં ભારતીય રાષ્ટ્રીય સૌર ઉર્જા ફેડરેશનના રાષ્ટ્રીય કૃષિ-નવીકરણીય ઉર્જા પરિષદમાં આ વાત કહી હતી. શ્રી ચૌહાણે કઠોળ અને તેલીબિયાંનું ઉત્પાદન વધારવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો. તેમણે કહ્યું કે દેશની 50 ટકા વસ્તી હજુ પણ કૃષિ પર નિર્ભર છે જેને લઇ બદલાતા સમય સાથે સ્પર્ધા કરવા માટે સંકલિત કૃષિ પ્રણાલી અપનાવવી પડશે.

## SIKKIM-STRANDED TOURISTS

સિક્કિમમાં, મંગન જિલ્લાના ભૂસ્ખલનગ્રસ્ત લાચેન વિસ્તારમાં માર્ગ સંપર્ક પુનઃસ્થાપિત કરવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ વિસ્તારમાં

ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થયું હતું. લાચેનમાં ફસાયેલા લગભગ 110 પ્રવાસીઓ ચાટેન પહોંચી ગયા છે જેને લઈ આજે સવારે પાક્યોંગ એરપોર્ટથી ચાટેન ખાતે સ્થળાંતર અભિયાન શરૂ થયું છે. ફસાયેલા પ્રવાસીઓને બહાર કાઢવા માટે IAFનું હેલિકોપ્ટર ચાટેન માટે રવાના થયું છે. ગઈકાલે, ખરાબ હવામાનને કારણે કોઈ બચાવ કામગીરી થઈ શકી ન હતી.

## INDIA - ECONOMIC AND SOCIAL COUNCIL

ભારતને 2026-28ના સમયગાળા માટે સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદ-ECOSOC માટે ચૂંટવામાં આવ્યું છે. આ પરિષદ ટકાઉ વિકાસના ત્રણ પરિમાણો - આર્થિક, સામાજિક અને પર્યાવરણીયને આગળ વધારવા માટે સંયુક્ત રાષ્ટ્ર પ્રણાલીના કેન્દ્રમાં છે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે સભ્ય દેશોનો ભારતમાં પ્રચંડ સમર્થન અને વિશ્વાસ બદલ આભાર માન્યો છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, વિદેશ મંત્રીએ કહ્યું કે ભારત વિકાસના મુદ્દાઓને આગળ વધારવા અને આર્થિક અને સામાજિક પરિષદને મજબૂત બનાવવાના ઉદ્દેશ્ય સાથે કામ કરવા માટે પ્રતિબદ્ધ છે. પરિષદને સંયુક્ત રાષ્ટ્રનું એક મહત્વપૂર્ણ અંગ માનવામાં આવે છે જે આર્થિક અને સામાજિક મુદ્દાઓ સંબંધિત નીતિઓની ભલામણ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# IPL CRICKET CELEBRATION - STAMPEDE

**બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ભાગદોડ થવાથી 11 લોકોના મોત થયા છે જ્યારે 33 લોકો ઘાયલ થયા છે. આ મૃત્યુ ગૂંગળામણને કારણે થયા છે. હજારો પ્રશંસકોની સ્ટેડિયમના એક દરવાજા પર ભાગદોડ જેવી સ્થિતિ સર્જાઈ હતી જ્યાં આરસીબી ટીમ વિજયની ઉજવણી કરવા આવવાની હતી.**

**વિજયના ભાગ રૂપે ખેલાડીઓની એક ઝલક જોવા માટે આરસીબીના ચાહકો સાંજથી જ સ્ટેડિયમમાં ભેગા થવા લાગ્યા હતા, જેના કારણે સ્ટેડિયમની અંદર અને આસપાસના રસ્તાઓ પર ભીડભાડ થઈ ગઈ હતી અને ટ્રાફિક પોલીસને સેન્ટ્રલ બિઝનેસ ડિસ્ટ્રિક્ટ વિસ્તારમાં વાહનોની સરળ અવરજવર સુનિશ્ચિત કરવામાં મુશ્કેલી પડી રહી હતી કારણ કે મોટી સંખ્યામાં લોકો સ્થળ પર ઉમટી પડ્યા હતા. જેના કારણે કર્ણાટક સરકારે સુરક્ષાને ધ્યાને રાખીને વિધાન સૌધાથી ચિન્ના સ્વામી ક્રિકેટ સ્ટેડિયમ સુધીની વિજય પરેડ રદ કરી હતી.**

# RAILWAY- E- AADHAAR

રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે ભારતીય રેલ્વે ટૂંક સમયમાં તત્કાલ ટિકિટ બુક કરવા માટે ઈ-આધાર પ્રમાણીકરણનો ઉપયોગ શરૂ કરશે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી વૈષ્ણવે કહ્યું કે આનાથી સાચા વપરાશકર્તાઓને જરૂરિયાત દરમિયાન કન્ફર્મ ટિકિટ મેળવવામાં મદદ મળશે.

# HAJ

ભારત સહિત દુનિયાભરના લાખો લોકો આજે સાઉદી અરેબિયામાં હજ પઢશે. પાંચ દિવસની હજ વિધિની શરૂઆતના પ્રસંગે હજયાત્રીઓ ગઈકાલે મીનાના તંબુ શહેર ખાતે ભેગા થયા હતા. સવારની નમાઝ અદા કર્યા પછી, તેઓ આજે હજની મુખ્ય વિધિ - નમાઝ વાંચવા માટે અરાફાતના મેદાનમાં જશે.

હજયાત્રીઓ નિમરા મસ્જિદમાં ખુત્બા-એ-હજ અથવા હજ ઉપદેશ સાંભળશે અને સાંજે મુઝદલિફા જવા રવાના થતા પહેલા બપોર અને સાંજની નમાઝ સાથે અદા કરશે. હજયાત્રીઓ આવતીકાલે સવારે મીના પરત ફરશે જ્યાં તેઓ પશુ બલિદાન અને શેતાનને પ્રતીકાત્મક પથ્થર મારવાની વિધિ કરશે.

## PRIME MINISTER- RAMSAR SITE

રામસર વારસા સ્થળોની યાદીમાં ભારતના બે વધુ ઐતિહાસિક સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સાથે, ભારતમાં રામસર સ્થળોની સંખ્યા વધીને 91 થઈ છે. રાજસ્થાનના ફલોદીમાં ખીચાન અને ઉદયપુરમાં મેનાર વેટલેન્ડને રામસર સ્થળોની પ્રતિષ્ઠિત યાદીમાં ઉમેરવામાં આવ્યા છે. કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું કે, આ એ વાતનો બીજો પુરાવો છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પર્યાવરણ સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવાના કારણે ભારતને હરિયાળા ભવિષ્ય માટેના પ્રયાસોમાં સફળતા મળી રહી છે.

## AYODHYA - PRAN PRATISHTHA

આજે ગંગા દશેરા પર્વના શુભ અવસર પર, અયોધ્યોમાં શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં મંદિરના પહેલા માળે ભગવાન રામ અને અન્ય દેવતાઓની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે.

## FRENCH OPEN TENNIS

ફ્રેન્ચ ઓપન ટેનિસમાં નોવાક જોકોવિચે ક્વાર્ટર ફાઇનલમાં જર્મનીના એલેક્ઝાન્ડર ઝ્વેરેવને હરાવ્યા બાદ પેરિસમાં પુરૂષ સિંગલ્સ સ્પર્ધા માટે સેમિ-ફાઇનલમાં પહોંચી ગયા છે. અગાઉ જેનિક સિનર ગઈકાલે રાત્રે ક્વાર્ટર ફાઇનલમાં કઝાકિસ્તાનના એલેક્ઝાન્ડર બુબલિકને હરાવીને સેમિ-ફાઇનલમાં પહોંચ્યો હતો. મહિલા સિંગલ્સમાં બે કોકો ગૌફ અને બિનક્રમાંકિત લોઈસ બોઇસન છેલ્લા ચારમાં પોતાનું સ્થાન નક્કી કરાવ્યા બાદ સેમિ-ફાઇનલમાં પહોંચી ગઈ છે.

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

1) આજના મોટાભાગના અખબારોએ બેંગલોરમાં રોયલ ચેલેન્જર બેંગલુરુની જીતની ઉજવણી દરમયાન થયેલી ભાગદોડના સમચારને મુખ્યશીર્ષકમાં લીધા છે.

2) સંદેશ લખે છે – બેંગલોરમાં RCBના સન્માનમાં ભાગદોડ, 11 ના મોત 47 ઘાયલ

3) ફૂલછાબ લખે છે – RCBના જશ્નમાં માતમ:ભાગદોડમાં 11ના મોત

4) ગુજરાત સમાચારનું મુખ્ય શીર્ષક છે બેંગ્લુરુના વિજય ઉત્સવમાં ધક્કામુક્કી થતાં 11ના મોત

5) રાજસ્થાન પત્રિકાનું શિર્ષક છે જશ્નમે માતમ કી ભગડદ , ગ્યારહ કી મોત

6) આ ઉપરાંત મોટાભાગના અખબારોએ 21મી જુલાઈથી સંસદના ચોમાસું સત્રનો પ્રારંભ આ સમાચારને પહેલા પાને લીધા છે.

7) નવગુજરાત સમયે ટ્રમ્પએ સ્ટીલ – એલ્યુમિનિયમ પરની ટેરિફ વધારી 50 ટકા કર્યો આ સમાચારને પહેલા પાને સ્થાન આપ્યું છે

8) વિવિધ સમાચાર પત્રોએ આજે પર્યાવરણ દિવસની ઉજવાણીના સમચારને આવરી લીધા છે

9) દિવ્ય ભાસ્કર સ્થાનિક પાને લખે છે –ઈ બસ મેટ્રોથી પ્રદૂષણ ઘટ્યું ,મિયાવકી પદ્ધતિથી ગીચ જંગલ વધ્યા, સિંગલ યુઝ પ્લાસ્ટિક માટે રોજ ડ્રાઇવ, પણ જાગૃતિ ઓછી આ સમાચારને સ્થાન આપ્યું